બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

| | |
|---|---|
| ગુણ | - ૯૫ |
| સારા અક્ષરના ગુણ | - ૫ |
| કુલ ગુણ | - ૧૦૦ |

# ઉકેલ પત્ર : બાળ સત્સંગ - બીજી

(સમય : સવારે ૯ થી ૧૧) (રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાઠ/પાનાં નંબર દર્શાવે છે.

બાળ સત્સંગ-૨ : અગિયારમી આવૃત્તિ - સપ્ટેમ્બર, ૨૦૦૭

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ૧૮૬૫ (૪અ/૮) ૨. મુક્તાનંદ (૧૭અ/૩૪) ૩. ભગતજી મહારાજ (૪બ/૫૫) ૪. સુરત (૬અ/૧૨)
૫. દ્વેષી (૮અ/૧૫) ૬. અક્ષરદેરી (૧૪અ/૨૮) ૭. સાત (૨૪અ/૪૮) ૮. એક હજાર (૧૦અ/૧૯)
૯. સત્ત્વગુણ (૫અ/૯) ૧૦. રામદાસ (૧૮અ/૩૫)

**પ્ર.૨. નીચે આપેલા ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✘' (ખોટા)ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ખરું - ✔ (૧૮બ/૭૬) ૨. ખોટું - ✗ (૧૩અ/૨૫) ૩. ખરું - ✔ (૧અ/૨) ૪. ખોટું - ✗ (૧૮અ/૩૫)
૫. ખોટું - ✗ (૨અ/૩) ૬. ખરું - ✔ (૨૩અ/૪૬) ૭. ખરું - ✔ (૯અ/૧૬) ૮. ખોટું - ✗ (૬બ/૫૮)
૯. ખોટું - ✗ (૨૫અ/૪૯) ૧૦. ખરું - ✔ (૧૬અ/૩૨)

**પ્ર.૩. નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજને ક્યાં બેસાડવા ને શું કરવું તેથી તે મૂંઝાતો હતો. (૨૦અ/૪૦)
૨. તમારે જાતે દળવું પડશે, ને સવારે લોટ પહોંચાડવો પડશે. (૨૧અ/૪૧)
૩. શાંતિલાલનો જન્મ ચાણસદ ગામમાં થયો હતો. (૧૨બ/૬૮)
૪. અમદાવાદમાં ઊના પાણીનો અને ઊની રોટલીનો કેવો જોગ થયો ? એમ સ્વામીએ ભગુભાઈને પૂછ્યું માટે ભગુભાઈ રડી પડ્યા. (૧૧અ/૨૨)
૫. 'ઘર બાળવું' એટલે અંતરમાંથી ઘર બાળવું. (૪અ/૯)
૬. ધર્મ એટલે સારું આચરણ. (૧૧બ/૬૭)
૭. માલિક કહે તેમ કરવું ! (૧૭અ/૩૩)
૮. 'મને સત્સંગમાં લો !' એમ વિનંતી કરી. (૨૦અ/૩૯)
૯. ગુણાતીતાનંદ સ્વામીએ ઓગણીસ માંદા સંતોની સેવા કરી. તેથી શ્રીજીમહારાજ ઓગણીસ વાર ભેટ્યા. (૭અ/૧૩,૧૪)
૧૦.ભગવાને બે નાના હાથ પ્રભુનાં કાર્ય કરવા માટે આપ્યા છે. (૨બ/૫૩)

**પ્ર.૪. નીચે આપેલાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. મુંજા સૂરુ - સ્વામીને (૧૦અ/૧૯)
૨. છોકરો (ઠોઠ નિશાળિયો) - ભગવાનને (૧૯બ/૮૦)
૩. સ્વામીશ્રી (શાસ્ત્રીજી મહારાજ) - શાંતિલાલને (૧૩બ/૭૦)
૪. સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - દરબારને (૧૪અ/૨૭)
૫. મહારાજ - સ્વામીને (૭અ/૧૩)

**પ્ર.૫. નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- અડધો જવાબ સાચો હોય તો ૧ ગુણ આપવો.**

૧. ઈશ્વરે તમને બનાવ્યા છે, તેમ આ બકરાનેય બનાવ્યો છે. એક દીકરો બીજા દીકરાને મારી નાખે તો બાપ રાજી થાય નહિ ! તેમ બકરાને મારવાથી ઈશ્વર કદી રાજી થાય નહિ ! તમે યજ્ઞ કરો છો એ સારું છે, પણ તેમાં બકરાનો વધ કરો છો, એ ખોટું છે ! (૧૯અ/૩૭)

૨. પર્વત પરથી ફેંકતા, હાથીના પગ નીચે કચડતા, ચિતાઓની જ્વાળામાં, ધગધગતા થાંભલાને ભેટતા એમ બધી જગ્યાએ ભગવાને રક્ષા કરી. (૧૮બ/૭૬થી૭૮)

૩. સ્વામી જૂની-ફાટેલી ગોદડી ઓઢીને સવારીમાં નીકળ્યા હતા. તે જાણીને નવાબને થયું : ''નક્કી ઓલિયા !'' મારે એ ઓલિયાનાં દર્શન કરવાં જોઈએ ! (૧૩અ/૨૬)

૪. તમે સૌ બાળ મંડળમાં આવો, નિયમો પાળો, કીર્તન-પ્રાર્થના કરો, ભગવાનને-મહારાજને સંત-સમાગમ ગમે, દેવદર્શન ગમે. તેમ તમને ભજન અને અભ્યાસ ગમવા જોઈએ. (૨૧બ/૮૫)

૫. શ્રીજીમહારાજે કહ્યું કમળશીનો ખાટલો ખભે લઈને ઝીણાભાઈ જેટલા ડગલા ચાલ્યા હતા તેથી બમણા ડગલા ઝીણાભાઈની નનામી ઉપાડી અમે ચાલ્યા. ભગવાનના ભક્ત થવું કઠણ છે અને ભક્તના ભક્ત થવું તો એથીય કઠણ છે ! એવું કઠણ કામ ઝીણાભાઈએ કર્યું. તેથી અમારો એમના પર રાજીપો છે ! (૨૪અ/૪૮)

**પ્ર.૬. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં <u>ફક્ત જવાબ નંબર</u> લખો. (કુલ ગુણ : ૧૦)**

| | | | | |
|---|---|---|---|---|
| **૧.** ૩ (૧૪અ/૨૮) | **૨.** ૩ (૪બ/૫૬) | **૩.** ૩ (૧૪બ/૭૧) | **૪.** ૧ (૩બ/૫૪) | **૫.** ૧ (૧અ/૧) |
| **૬.** ૩ (૧૪બ/૭૧) | **૭.** ૨ (૫અ/૯) | **૮.** ૩ (૧૯બ/૮૧) | **૯.** ૧ (૨૫અ/૫૦) | **૧૦.** ૪ (૨૦બ/૮૧) |

**પ્ર.૭. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો <u>ક્રમાંક</u> પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં <u>ફક્ત જવાબનો ક્રમાંક</u> લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. સુંદરજી સુતાર (૧૭અ/૩૩) | ૨ | ૧. ખૂબ ગરીબ બ્રાહ્મણ |
| ૨. મૂળુ ખાચર (૧૬અ/૩૧) | ૩ | ૨. કચ્છ રાજાના મંત્રી |
| ૩. દૂબળી ભટ્ટ (૧૫અ/૨૯) | ૧ | ૩. કાઠી દરબાર |
| ૪. ભગુભાઈ પટેલ (૧૧અ/૨૨) | ૫ | ૪. રામા હાટી |
| ૫. ગુણાતીતાનંદ સ્વામી (૧૨અ/૨૩) | ૪ | ૫. ઊની રોટલી |

**પ્ર.૮. નીચે આપેલી સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- પૂરી વાત સાચી હોય તો જ ગુણ આપવા. અડધી વાત સાચી હોય તો ગુણ ન આપવા.**

૧. જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો નીકર ઉતરતાનો સંગ તો કરવો જ નહિ. (૧૭બ/૭૫)

૨. જેના ગુરુ અક્ષર હોય તે અક્ષરધામમાં લઈ જાય ને પુરુષોત્તમને મેળવે. (૧૭બ/૭૫)

૩. સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું ને ઉપેક્ષારહિત બોલવું પણ આગ્રહથી વચન કહેવું નહિ. (૧૭બ/૭૫)

૪. ભગવાન જીવના ગુના સામું જોતા નથી. તે કોઈ જીવ ભગવાનની સ્મૃતિ કરીને એમ બોલે જે, 'હું ગુનેગાર છું' તો તેના ગુના ભગવાન માફ કરે છે. (૧૭બ/૭૫)

૫. આ તો ભગવાન જેવા સાધુ છે, બાવા કે વૈરાગી નથી. (૧૭બ/૭૫)

**પ્ર.૯. નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. સૂરણ પૂરણ ને ભાજી, કારેલાં, પાપડ વડી વઘારી,
વંતાક વાલોળનાં શાક કર્યાં, મેં તો ચોળાફળી છમકારી. (૧૦બ/૬૬)

૨. નથી અમારી પાસે હો ભગવન, જાતજાતનાં ફૂલો
પણ ઉરની બગીઓમાં ખીલ્યાં છે ભક્તિ ભાવનાં ફૂલો (૨) એ ફૂલોને માની લેજો કુમળાં હૃદય અમારાં. (૧બ/૫૩)

૩. અમે સૌ શ્રીજીતણા પુત્રો અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો અમારે ક્ષોભ શાનો છે.
જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી. (શૌર્યગીત)

૪. નાના નાના બાળ અમે, મોટા મોટા બોલ,
સ્વામી માટે જીવશું અમે, એ મારો અમારો કોલ ......
સેવા કરશું હોંશે હોંશે, સૌને વ્હાલા થાશું,
કામ કરશું સારાં સારાં સત્સંગને દીપાવશું. (૨૨બ/૮૫)

૫. અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષ ત્વં પુરુષોત્તમ ॥ (૫બ/૫૭)

**પ્ર.૧૦. નીચે આપેલા પાઠમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. એકાદશી** (૭બ/૬૧) પાંચ વર્ષના નાના ડુંગર ભક્ત સૌના આગ્રહથી લગ્નમાં ગયા. સૌ ખાય પીએ અને આનંદ કરે. પણ ડુંગર ભક્ત તો મંદિરમાં કથા સાંભળવા બેસી ગયા. જમવાનું કહ્યું તો ના પાડી. આજે એકાદશી છે. મારે ઉપવાસ છે પણ બધાએ બહુ આગ્રહ કર્યો. તો થોડું ફરાળ કર્યું પણ અનાજ તો ન જ ખાધુ. પંદર દિવસે એકવાર એકાદશી કરવાથી, અનાજ નહીં ખાવાથી શરીર સારું રહે. પાચનક્રિયાને આરામ મળવાથી પાચન શક્તિ વધે. રોગ ન થાય. શરીર શુદ્ધ થવાથી મન શુદ્ધ થાય તેથી બુદ્ધિ તેજ થાય. એકાદશી એટલે દેહથી અને મનથી તપ કરવાનું. ભગવાનનું સ્મરણ અને તપ કરવાથી ભગવાન અને ગુરુ પ્રમુખસ્વામી રાજી થાય માટે હંમેશાં એકાદશી કરવી.

**૨. અનાદિ કાળના સત્સંગી** (૩અ/૫) મૂળજી અઢાર વર્ષના થયાં ત્યારે ગામમાં બધા તેમને મૂળજી ભક્ત તરીકે ઓળખતા થયાં. એવામાં શ્રીજીમહારાજ ભાદરા આવ્યા ત્યારે પિતા સાથે મૂળજી દર્શને ગયાં. ભોળાનાથે મૂળજીની ઓળખ આપતાં મહારાજને કહ્યું 'મહારાજ ! આ નવો સત્સંગી છે ! એને આપની સેવામાં રાખો !' ત્યારે મહારાજે કહ્યું 'એ નવા સત્સંગી છે ? અરે, એ તો જન્મ્યા નહોતા ત્યારના સત્સંગી છે. એ તો અનાદિ કાળના સત્સંગી છે ! જેટલો હું જૂનો છું એટલા એ જૂના છે. એ તો કાયમના મારી સાથે છે, કાયમના મારી સેવામાં છે. ઊંઘતાં, જાગતાં ને સ્વપ્નમાં, ત્રણે અવસ્થામાં એ મારી સાથે છે, અને હું એમની સાથે છું. એ મારાથી છેટા નથી. ને હું એમનાથી છેટો નથી ! એ ધામ છે, ને હું ધામનો માલિક ધામી છું. એ મૂળ અક્ષર છે. એટલે તો રામાનંદ સ્વામીએ એમનું નામ મૂળજી પાડ્યું છે ! બીજા એક પ્રસંગે પણ મહારાજે સાકરબાને પૂછ્યું 'મા, તમારો મૂળજી કોઈ દિ' અમને યાદ કરે છે ખરો ?' ત્યારે સાકરબાએ કહ્યું 'યાદ તો એવો કરે છે કે કંઈ કહેવાની વાત નહિ ! શ્વાસે શ્વાસે તમારું નામ લે છે. શી ખબર એને તમારા પર આટલું હેત ક્યાંથી છે ?' આ સાંભળી મહારાજ ખૂબ હસ્યા. સાકરબા કહે : 'આટલું હસવું શાને આવે છે, મહારાજ ? હું કંઈ ખોટી વાત કરું છું ? અરે, અમે તો તમારું નામે નહોતું સાંભળ્યું, ત્યારનો એ તમને ઓળખે છે ! મહારાજ ફરી હસ્યા. કહે : 'તે ઓળખે જ ને ? ઓળખ કંઈ આજની નથી, અનાદિ કાળની છે.' માતા સાકરબાને આશ્ચર્ય થયું. બધું તો ન સમજાયું પણ એટલું તો સમજાયું કે મારો મૂળજી સાધારણ મનુષ્ય નથી. મહાન છે.

**૩. માણસનું ખાણું જાનવર ખાય ?** (૧૨અ/૨૩) રામોહાટી બધાં લક્ષણોથી પૂરો હતો. દારૂ પીએ, માંસ ખાય અને હિંસા કરે. સ્વામી એક દિવસ તેનાં ગામમાં આવ્યાં. ત્યારે તે લીમડા નીચે બેઠેલો. સ્વામીએ તેને પૂછ્યું કે હેં રામા, આપણે મોતૈયાના લાડુ અને સાટા - જલેબી સાવજને નાંખીએ તો એ ખાય કે નહિ ? રામો કહે ના ખાય. સ્વામી કહે કેમ ન ખાય ? હાટી કહે એ એનું ખાણું નહિ, એ એનું જ ખાણું ખાય. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે કે રામાહાટી, જાનવર માણસનું ખાણું ન ખાય અને માણસ જાનવરનું ખાણું ખાય એ કેવું ? જાનવર એનું પીવાનું, એનું જ ખાવાનું ખાય અને માણસ જેવો માણસ ન ખાવાનું ખાય અને ન પીવાનું પીએ એ કેવી વાત ? રામાના દિમાગમાં એકદમ અજવાળું થયું અને સ્વામીને કહ્યું આજથી છોડ્યું બધુંય. આવી હતી સ્વામીની ચોટદાર વાણી.

**☞ નોંધ :- સારા, સ્વચ્છ અને સુંદર અક્ષરનાં પાંચ ગુણ આપવાનું ભૂલાય નહીં.**

❑ ❑ ❑